# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2558 ❖ પોષ પૂર્ણિમા ❖ 5 જાન્યુઆરી 2015 ❖ વર્ષ – 15 ❖ અંક – 10 ❖ સળંગ અંક - 178

## ધમ્મવાણી

| | |
|---|---|
| चरन्ति बाल दुम्मेधा,<br>अमित्तेनेव अत्तना ।<br>करोन्ता पापकं कम्मं,<br>यं होति कटुकप्फलं ।। | બાળક બુધ્ધિવાળા મૂર્ખ લોકો પોતાના જ શત્રુ બની આચરણ કરે છે, અને એવું પાપકર્મ કરે છે, જેનું ફળ (સ્વંય પોતાના માટે જ) કડવું હોય છે. |

## સૂક્ષ્મ દર્શન

શ્રમણ આનંદ વર્ષો સુધી ભગવાન બુદ્ધના ઉપસ્થાપક (અંગત સહાયક) રહ્યા. તેમના પહેલાં સમય સમય પર ભગવાનની પરિચર્યા કરવા માટે કેટલાય અન્ય લોકો આ પદ પર નિયુકત થતા રહ્યા. આમાંના એક હતા ભિક્ષુ મેઘિય.

એક વાર જયારે ભગવાન ચાલિકા પર્વત પર વિહાર કરતા હતા, ત્યારે ભિક્ષુ મેઘિય–ભગવાનની આજ્ઞા લઇને જંતુ ગામમાં ભિક્ષાટન કરવા ગયા. પાછા ફરતાં તે કિમકાળા નદીના કિનારે એક મનોરમ આમ્રવનમાંથી પસાર થયા. તેમણે જોયું, ચારે બાજુ હરિયાળી જ હરિયાળી છે. તરુ–તૃણ, ખીલતી કળીઓ અને કૂંપળો, વનની વેલો પર પ્રકૃતિનું આંખને ગમે એવું સૌંદર્ય છવાયેલું છે. આખા વનપ્રદેશમાં પલ્લવ–પરિમલની, પ્રફુલ્લ કુસુમોની મીઠી સુંગધ મહેકી રહી છે; રસપૂર્ણ પાકાં ફળોથી લચેલી આંબાની ડાળીઓ ચાખ્યા વગર જ જીભને મીઠા સ્વાદથી અને લાળથી ભરી દે છે; ભમરાઓના ગૂંજન અને પક્ષીઓના કલરવની સાથે સાથે કિમકાળા નદીનો કર્ણમધુર કલ–કલ નિનાદ સારાય વાતાવરણને દિવ્ય સંગીતથી ભરી રહ્યો છે; શીતલ–મંદ સમીર શરીરને સ્પર્શ કરે છે તો તેને પુલક–સિહરનથી હર્ષવિભોર કરી દે છે, સર્વત્ર નિર્સગનો સૌંદર્ય–શૃંગાર વિખરાયેલો છે, બધું જ અત્યંત રમણીય, અત્યંત મનોરમ, અત્યંત મનોહર છે.

મેઘિયને લાગ્યું કે આ સ્થાન ઘ્યાનભાવના (સાધના) માટે અત્યંત યોગ્ય છે. ભગવાનની આજ્ઞા લઇને અહીં અભ્યાસ કરું ભગવાન પાસે જઇ આજ્ઞા માગી તો ભગવાને રોક્યા, મેઘિયને આ રોકવું ગમ્યું નહીં.

ઉપર–ઉપરથી રમણીય દેખાતાં બધાં સ્થાન ઘ્યાનભાવના માટે યોગ્ય જ હોય તે જરૂરી નથી. આ વિષયના મર્મને જાણનાર અધિકારી વ્યક્તિ જ એ જાણી શકે છે. તદુઉપરાંત મેઘિય જેવા નવા સાધકને પ્રારંભિક અવસ્થામાં ઉચિત માર્ગદર્શન માટે કોઇ એક અનુભવી કલ્યાણમિત્રના સાન્નિઘ્યની પણ નિતાંત આવશ્યકતા હતી. ભગવાને તેમને યોગ્ય જ રોક્યા. પરંતુ ભગવાનની ઇચ્છા ન હોવા છતાં અતિ આતુર મેઘિય એ જ સ્થાન પર એકલા સાધના કરવા ચાલ્યા ગયા.

ત્યાં કોઇ વૃક્ષની નીચે સાધના કરવા બેઠા તો તેમને એ જોઇને બેહદ આશ્ચર્ય થયું કે સાધારણ રીતે ભગવાનના સાન્નિઘ્યમાં ઘ્યાન કરતી વખતે તેમનું મન જેટલું શાંત, સ્થિર, સજગ, સચેત અને વિમલ–વિશુદ્ધ રહે છે તેવું અહીં બિલકુલ નથી થઇ રહ્યું. અવશ્ય જ તે સ્થાન પર કોઇ દુષિત તરંગોનો કુત્સિત પ્રભાવ હશે, જેને કારણે તેમના મનમાં વારંવાર કલુષિત પાપ તરંગોના સંકલ્પ વિકલ્પ, વિતર્ક વિચારો ઊઠવા લાગ્યા; ક્યારેક પ્રબળ કામના–તૃષ્ણાઓના જુવાળ ઊઠતા, તો ક્યારેક દ્વેષ–દૌર્મનસ્ય અને ઘૃણા–ક્રોધનો ઝંઝાવાત ચાલુ થઇ જતો. તેમનું સમસ્ત મન–માનસ, મલિન તરંગોથી ઉદ્વેલિત થતું ઊભરાઇ ઊઠયું. તેમની સમજમાં નહોતું આવતું કે આવી અવસ્થામાં હવે શું કરવું ? કોઇ માર્ગનિર્દેશક પણ પાસે ન હતા. વ્યાકુળ થઇને સાયંકાળે ત્યાંથી પાછા ફર્યા અને ભગવાનની પાસે આવી તેમને પોતાની આપવીતી કહી સંભાળાવી.

ભગવાને એ સમયે તેમને જે ઉપદેશ આપ્યો એ બધા જ નવા શિખાઉ સાધકો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે અને અનુકરણીય પણ. ભગવાને બતાવ્યું કે જે સાધક હજી ચિત્ત વિમુક્તિમાં પરિપક્વ નથી થયા એના માટે આ પાંચ સાધન અત્યંત અપેક્ષિત છે :

(૧) તેણે કોઇ અનુભવી કલ્યાણ–મિત્રનું સાન્નિધ્ય અને માર્ગદર્શન પ્રાપ્ત કરવું જોઇએ.

(૨) તેણે અનિવાર્યપણે શીલનું પાલન કરવું જોઇએ, જરા પણ શીલભંગ થવામાં પોતાનો ઘોર અનર્થ માને. શીલ સાધનાની આધારશિલા છે, પાયો છે.શીલ પરિપક્વ થયા વિના સાધનામાં કોઇ પરિપકવ નથી થઇ શકતું.

(૩) તેણે એવી ધર્મચર્ચામાં રુચિ રાખવી, જે ચિત્ત પરથી મેલ ઉતારવામાં, વિષયોમાં વિરક્તિ–વિકર્ષણ પેદા કરવામાં, દુઃખોનો નિતાંત નિરોધ કરવામાં, વિકારોનું પૂર્ણ ઉપશમન કરવામાં સહાયક થાય, જેવી કે અલ્પેચ્છ–કથા, સંતુષ્ટિ–કથા, વિવેક–કથા, નિઃસંગ–કથા, પુરૂષાર્થ–કથા, શીલ–કથા, સમાધિ–કથા, પ્રજ્ઞા–કથા અને જ્ઞાનદર્શન–કથા, અનાવરણીય કથા, વગેરે. ધર્મકથાઓ જેનાથી માર્ગદર્શન, પ્રેરણા અને ઉત્સાહ મળે, જેનાથી શંકા–કુશંકાઓ દૂર થાય, મન સ્થિર થાય, શ્રદ્ધા વધે, પરુષાર્થ વધે અને પરિણામ–સ્વરૂપ અપવિત્રતાઓ, પીડાઓ અને વ્યાકુળતાઓથી છૂટકારો મેળવીને વિરજ–વિમલ થવાય.

(૪) તેણે તે દૃઢ પુરુષાર્થમાં લાગી જવું જોઇએ. અકુશળથી મુક્ત અને કુશળમાં સંપન્ન થવાના પુરુષાર્થમાં સાધના માટે જે વિધિ પોતાના કલ્યાણમિત્ર પાસેથી મળે, તેના અભ્યાસમાં સ્થિરતા લાવવી અને જયાં સુધી ચિત્ત વિશુદ્ધિ અને વિમુક્તિના અંતિમ લક્ષ્ય સુધી ન પહોંચી જાય, ત્યાં સુધી સ્વેચ્છાથી ધારણ કરેલી અભ્યાસની આ કુશળધૂંસરીને પોતાના ખભા પર જ રાખે, ઉતારીને

ન ફેંકે; દૃઢ પરાક્રમમાં લાગ્યો રહે, સ્થિત રહે.

(૫) તેણે સાંભળેલી-તેને સંભળાવેલી પ્રજ્ઞા અથવા તર્ક-વિતર્ક દ્વારા પ્રાપ્ત ચિંતનપ્રજ્ઞા સુધી જ સીમિત ન રહી જવું, પરંતુ પોતાની અંદર સ્વાનુભૂતિજન્ય ભાવનામયી પ્રજ્ઞા જગાડવી. એવી કુશાગ્ર, તીક્ષ્ણ, વીંધનારી પ્રજ્ઞા જે સ્થૂળ શરીર-સ્કંધ અને ભાવાવેશ વિહારી સ્થૂળ શરીર-સ્કંધ અને ભાવાવેશ વિહારી સ્થૂળ ચિત્ત-સ્કંધના ટુકડે-ટુકડા કરી, એની સૂક્ષ્માતિ સૂક્ષ્મ સચ્ચાઈઓ અનાવૃત્ત કરે. એમ કરવાથી દર્શન કરાવનારી આર્ય-પ્રજ્ઞા એવો આલોક જગાડશે, જેથી અજ્ઞાન અને અવિદ્યાનું સમસ્ત ધુમ્મસ દૂર થઈ જશે અને દુઃખ-ક્ષય રૂપી નિર્વાણનો સ્વતઃ સાક્ષાત્કાર થઈ જશે.

સાધકે પોતાના કલ્યાણમિત્રના સહયોગ, સહકાર દ્વારા ઉપર્યુકત પ્રકારે અભ્યાસ કરતાં રહેવું. ભગવાને આગળ કહ્યું, જ્યારે જ્યારે તમારી ચિત્તધારા પર રાગ જાગે, ત્યારે ત્યારે અશુભ ભાવના એટલે કે શરીરની ગંદકીની ભાવના કરવી, જ્યારે જ્યારે દ્વેષ જાગે ત્યારે ત્યારે વિચાર-વિતર્ક જાગે ત્યારે ત્યારે આનાપાન સતિ એટલે કે આશ્વાસ-પ્રશ્વાસની પ્રત્યે જાગરૂકતાની અને જ્યારે જ્યારે અસ્મિતા ભાવ જાગે એટલે અંહકાર જાગે ત્યારે ત્યારે અનિત્યની ભાવના કરવી.

આ 'હું' અને 'મારું'નો મિથ્યા અહમ્ ભાવ જ રાગ અને દ્વેષ પેદા કરે છે. એના કારણે ચિત્તધારા પર વિવિધ પ્રકારનાં વિતર્ક-વિચારો અને વિકૃતિ-વિકારોની રેલમછેલ ચાલવા લાગે છે. આથી જ ચિત્ત વિમુક્તિની સાધનામાં અહંભાવને, આત્મભાવને નષ્ટ કરવા પર સૌથી વધુ ભાર દેવાયો છે. એનાં મૂળ ઊખડ્યા વિના અન્ય વિકારોનાં મૂળ ઊખડતાં નથી. એટલે જ **उदयत्थगामिनिया पञ्ञाय समन्नागतो अरियाय निब्बेधिकाय**ને એટલું મહત્ત્વ આપવામાં આવ્યું છે. આવી વીંધનારી પ્રજ્ઞા જે ઉદય-વ્યયવાળા અનિત્ય સ્વભાવનો સાક્ષાત્કાર કરાવે છે, એ અનિત્ય-સંજ્ઞા પ્રબોધની પ્રજ્ઞા જ છે જે સાધકના આત્મભાવ પર કુઠારાઘાત કરે છે. અનિત્ય-સંજ્ઞી સાધક જ અનાત્મ એટલે અહં-વિહીનતાની સચ્ચાઈઓમાં સંતિષ્ઠિત, પ્રતિષ્ઠિત હોય છે અને અનાત્મસંજ્ઞી જ અસ્મિતાભાવની બધી અવિદ્યાનો સમૂળગો નાશ કરે છે, એના મૂળ ઉખાડે છે અને અહીં આ જ જીવનમાં નિર્વાણનો સાક્ષાત્કાર કરે છે.

જુઓ, કેટલા આશ્વાસનભર્યા શબ્દોમાં આ કલ્યાણી અનિત્ય સાધનાની મંગલઘોષણા ભગવાને આમ કરીછેઃ

**अनिच्चसञ्ञिनो हि, मेघिय, अनत्तसञ्ञा सण्ठाति अनत्तसञ्ञी अस्मिमानसमुग्घातं पापणाति दिट्ठेव धम्मे निब्बानं ।**

આપણે અનિત્યને અનિત્ય તરીકે જોતાં જ નથી. સમગ્ર ઇન્દ્રિય જગત અનિત્ય છે તો પણ આપણે આ પાંચ ઇન્દ્રિયોનાં દ્વારો પર સદાય વિષયોનું સ્વાગત કરતા રહીએ છીએ; નિત્ય માનીને એમનો ઉપભોગ કરતા જ રહીએ છીએ. ક્યારેક કોઈ મનોહારી રૂપ જોઇએ છીએ, કોઈ મનોહારી ગંધ સુંઘીએ છીએ, કોઈ મનોહારી શબ્દ સાંભળીએ છીએ, કોઈ મનોહારી રસ ચાખીએ છીએ, કોઈ મનોહારી સ્પર્શ કરીએ છીએ અને જ્યારે પણ આંખ મીંચીને સાધનામાં બેસીએ છીએ ત્યારે તે તે મનોહારી રૂપો, ગંધો, શબ્દો, રસો અને સ્પર્શોની મીઠી યાદો મનમાં ઊભરાય છે. કોઈવાર કોઈ રૂપ, શબ્દ, રસ, ગંધ, સ્પર્શની સ્વંય અનુભૂતિના પણ કરી હોય અથવા શ્રુતિજન્ય કલ્પનાઓ હોય; પણ એમનું ચિંતન-મનન વિષયોના પ્રત્યક્ષ ઉપભોગ જેવું જ પ્રિય લાગે છે. કોઈ પણ ઈન્દ્રિયવિષય આ ક્ષણે ઉપસ્થિત નથી, માત્ર તેની યાદ અથવા કલ્પના છે તો પણ ચિત્તધારા પર એના ચિંતનના **खुद्दक-खुद्दक** એટલે ક્ષુદ્ર ક્ષુદ્ર, નાના નાના અને **सुखुमा-सुखुमा** એટલે સૂક્ષ્મ-સૂક્ષ્મ તરંગોઊઠવા લાગે છે. ચિત્તધારા પર ઉત્પન્ન થયેલા આ નાના નાના, સૂક્ષ્મ-સૂક્ષ્મ વિતર્ક-વિચારોના તરંગો; શરીર-સ્કન્ધ પર નાની-નાની, સૂક્ષ્મ-સૂક્ષ્મ સંવેદનાઓની કંપારી પેદા કરે છે, જે આપણને અત્યંત પ્રિય લાગે છે. સૂક્ષ્મ સ્તર પર થનારીઆ પુલક-રોમાંચનો આપણે આનંદ લેવા માંડીએ છીએ, એથી એની પ્રત્યે અધિકાધિક નંદીરાગ જાગે છે.

રાગરંજિત થઈને આપણે આ સૂક્ષ્મ સુખદ સંવેદનાઓનું અંધ-અનુકરણ કરવા લાગીએ છીએ. આ સુખદ અનુભૂતિમાં જરા જેટલી બાધા આવે અથવા બાધા આવવાની જરા પણ આશંકા પેદા થાય તો મનમાં બેચેની જાગવા લાગે છે, ગભરાટ થવા લાગે છે.

આ સુખનાં વિરોધી લાવનાર બધાં તત્ત્વ એટલે કે બધી વ્યકિત, વસ્તુ, પરિસ્થિતિઓ અત્યંત અપ્રિય લાગવા માંડે છે. ફળસ્વરૂપ એમની પ્રત્યે દ્વેષ-દ્રોહ જાગે છે. આ રાગરંજન દ્વેષ-દૂષણથી ચિત્ત ભ્રાંત થઈ ઊઠે છે. પરિણામસ્વરૂપ તે આમતેમ દોડે છે. આ બધું એ કારણે થાય છે કે જ્યારે જ્યારે શરીર અને ચિત્ત-ધારા પર આ નાના નાના, સૂક્ષ્મ-સૂક્ષ્મ તરંગો ઊઠે છે ત્યારે ત્યારે એમના પ્રત્યે આપણે **अविद्वा** રહીએ છીએ, એટલે કે અવેદનશીલ રહીએ છીએ, કેવી રીતે મન રાગ-રંજિત થઈને આ તરંગોનું અનુગમન કરવા લાગે છે, કેવી રીતે **उप्पिलावा** એટલે કે આનંદિત-પ્રફુલ્લિત થવા લાગે છે, એનો આપણને જરા પણ બોધ નથી રહેતો. એના ફળસ્વરૂપે વાત વધતાં-વધતાં એ વ્યાકુળતાની હદ સુધી આવી પહોંચે છે.

એને રોકવા માટે જ વિપશ્યના સાધના છે. આ માટે જ વીંધનારા પ્રજ્ઞા છે કે આપણને સૂક્ષ્મ અવસ્થામાં ઊઠનારા આ નાના નાના તંરગોને પોતાના સાચા સ્વભાવમાં જોવા યોગ્ય બનાવે છે અને એને અનાસક્ત-ભાવથી જોતાં શિખવાડે છે કે કેવો એનો સાચો સ્વભાવ છે ! આ **उदयत्थ** એટલે ઉદય-અસ્ત, ઉત્પાદ-વ્યય, ઉત્પન્ન-લયનો દરેક તંરગ અસ્ત થવા માટે જ ઉદય થાય છે. જ્યારે આપણે આ નાના નાના તરંગોને એમની આ અનિત્ય-ધર્મા સચ્ચાઈના બોધમાં જોવા લાગીએ છીએ તો જ મિથ્થા આનંદમાં વિભોર, આંધળા થઈ એનું અનુગમન કરવાની આદતથી છુટકારો મેળવીએ છીએ. જ્યારે એનું અનુગમન નથી કરતા તો આ રસ-તરંગોને બળ મળતું નથી. એ આપમેળે ક્ષીણ થવા લાગે છે. આ જ સાચા અર્થમાં મનનું સંવર છે. એમાં દમન નથી, કેવળ જોવાનું છે, સચ્ચાઈ પ્રત્યે જાગરૂક રહેવાનું છે, અનિત્ય સ્વભાવ પ્રત્યે સચેત અપ્રમત્ત રહેવાનું છે. આ અભ્યાસ દ્વારા જાણ્યે-અજાણ્યે ઉત્પન્ન થયેલા બધા વિકારો સહજ છૂટી જાય છે. વિકારસંગ્રહથી મુકિત મળતાં જ ચિત્તધારા વિરજ-વિમલ થઈ જાય છે. આ વિપશ્યના સાધનાનો અભ્યાસ છે. આ તરફ સંકેત કરતાં ભગવાને એ સમયે ઉદાનનાં આ વચન કહ્યાં :

**खुद्दा वितक्का सुखुमा वितक्का, अनुग्गता मनसो उप्पिलावा ।**

**एते अविद्वा मनसो वितक्के, हुराहुरं धावति भन्तचितो ।।**

**एते च विद्वा मनसो वितक्के, आतापियो संवरती सतीमा ।**

**अनुग्गते मनसो उप्पिलावे, असेसमेते पजहासि बुद्धो ।।**

''જો નાના-નાના વિતર્ક વિચાર પેદા થાય છે તો મન તેની પાછળ લાગી જાય છે અને આનંદથી ઊભરાઇ ઊઠે છે. આ સૂક્ષ્મ-સૂક્ષ્મ, નાના નાના વિતર્ક-વિચારો અને તેમનાથી ઉત્પન્ન સૂક્ષ્મ

સંવેદનાઓ પ્રત્યે જયારે કોઈ **અવિદ્વા** એટલે કે અવેદનશીલ એટલે કે અજાણ રહે છે ત્યારે ચિત્તભ્રાંત થઈ આમ-તેમ પ્રધાવન કરે છે, દોડ લગાવે છે.''

''પંરતુ જયારે કોઈ સાધક સાધનારત થઈ, જાગરૂક રહી એમની પ્રત્યે **વિદ્વા** એટલે સંવેદનશીલ થઈ જાય છે ત્યારે મનનું સંવર કરી લે છે. તે શુદ્ધ બુદ્ધ સાધક આનંદનું અનુગમન કરનારા મનનો પૂર્ણ રીતે ત્યાગ કરી દે છે.''

આવો, ભગવાન દ્વારા સંક્ષેપમાં કહેલા આ ઉપદેશને સમજીએ અને તેનું પાલન કરીએ.

જુઓ, કેવા સ્વભાવ સંકજામાં જકડાઈ ગયા છીએ આપણે ! જયારે જુઓ ત્યારે મન કાલ્પનિક આશાઓ જગાવી રાજી થતું રહે છે અને કાલ્પનિક ખ્યાલોમાં રસમગ્ન થઈ, હવાઈ મહેલ બનાવવા લાગીએ છીએ અને મીઠાં સ્વપ્નો સેવવા માંડીએ છીએ. આમ કરતાં આપણે આ જુદા જુદા વિચારતંરગોમાં અને તેનાથી ઉત્પન્ન થનારી સુખદ સંવેદનાઓમાં કલાકો લોટ-પલોટ લગાવતા રહીએ છીએ અને પોતાની સુધ-બુધ ખોઈ બેસીએ છીએ. જયારે હોશ આવે છે અને યથાર્થની નક્કર ધરતી પર કદમ મૂકીએ છીએ તો સચ્ચાઈ કેટલી અપ્રિય લાગે છે ! મીઠાં સ્વપ્નો તૂટે છે ત્યારે બેહદ બેચેની લાવે છે. ચિત્ત ઉદ્‌ભ્રાંત થઈ જાય છે, કયાંય ચેનથી ટકી શકતું નથી. સદા અશાંત, અસ્થિર, ચંચળ, ઉદ્વિગ્ન, ઉદ્વેલિત, ઉત્તેજીત અને કેવળ દુઃખ, અનહદ દુઃખનો પટારો બનેલું રહે છે. આપણે આવા ભાવાવેશનો શિકાર થઈ જઈએ એ પહેલાં, આપણા માટે જરૂરી છે કે જયારે પણ આપણું મોહમુગ્ધ મન આ સૂક્ષ્મ વિચાર તંરગોનું અનુગમન કરવા લાગે અને આ સુખદ સંવેદનાઓથી હર્ષિત-પુલકિત થવા લાગે ત્યારે જ હોશમાં આવી જઈએ, સ્મૃતિવાન થઈ જઈએ. ચિત્તાનુપશ્યના, કાયાનુપશ્યના અને બન્નેનો સંયુકત બોધ કરાવનાર વેદનાનુપશ્યના અને આ વેદનાઓ-સંવેદનાઓના તરંગમય અનિત્ય સ્વભાવને સ્પષ્ટ કરનારી ધમ્માનુપશ્યના કરવા લાગીએ, વીંધનારી પ્રજ્ઞા જગાવીએ. ઉદય-વ્યયના સાક્ષાત્કાર દ્વારા પોતાના મનને વીતરાગતાની તરફ, અનાસક્તિની તરફ, ઉન્મુખ કરી પોતાનું કલ્યાણ સાધીએ.

અનિત્ય પ્રત્યે સજગ - સુબોધ બની રહેવામાં જ અનિત્યની પ્રત્યે નિસંગ બનાવી રાખનારી પ્રજ્ઞા સમાયેલી છે. અનિત્ય પ્રત્યે સર્વથા વિમુખ થઈને જ નિત્ય, શાશ્વત, ધ્રુવ-નિર્માણનો સાક્ષાત્કાર થઈ શકશે અને એમાં જ સૌનું મંગલ સમાયેલું છે.

**જાગે અંતર્બોધ પુસ્તિકામાંથી સાભાર**

## ધમ્મ અંબિકામાં શૂન્યાગાર પર છત્રીની સ્થાપના તેમ જ જૂના સાધકોનું એક દિવસીય સંમેલન

**તારીખ** : ૧/૦૩/૨૦૧૪, રવિવાર

**સમય** : સવારે ૮:૩૦ કલાકે રજીસ્ટ્રેશન અને ચા-નાસ્તાથી શરૂ કરી સાંજે ૫:૩૦ કલાકે સમાપન.

**સ્થળ** : ધમ્મ અંબિકા, નેશનલ હાઈવે નં.-૮, (મુંબઈથી અમદાવાદ), બોરિયાચ ટોલ નાકાની પશ્ચિમે, ગામ-વગલવાડ : તાલુકો-ગણદેવી : જિલ્લો-નવસારી, દક્ષિણ ગુજરાત

આ સંમેલનમાં આપણે સૌ સાધકોની સુરક્ષાનં પ્રતીક એવી ધર્મની છત્રીની સ્થાપના કરીશું, સૌ સાથે સાધના કરીશું, વિપશ્યનાના આચાર્યો પાસેથી ધર્મની સમજ, ધર્મ સેવાના અપ્રત્તિમ લાભ વિશે માર્ગદર્શન મેળવશું. તેમ જ કેન્દ્રના ટ્રસ્ટીઓ પાસેથી ધમ્મઅંબિકાની વર્તમાન પ્રગતિ તેમ જ ભવિષ્યના આયોજન વિશે જાણકારી પ્રાપ્ત કરીશું.

આ સંમેલનમાં સમગ્ર ગુજરાતના સર્વ જૂના સાધકો, ગુજરાતમાં સર્વ આચાર્યો, વરીષ્ઠ સહાયક આચાર્યો, સહાયક આચાર્યો તેમ જ ગુજરાતના બધા જ કેન્દ્રોના ટ્રસ્ટીશ્રીઓને પધારવા ખાસ હાર્દિક આમંત્રણ છે.

## રજીસ્ટ્રેશન અંગેની માહિતી.

આપને તા. ૧૫-૦૨-૨૦૧૫ સુધીમાં રજીસ્ટ્રેશન નીચે જણાવેલ ફોન નંબર અથવા ઈ-મેઈલ દ્વારા કરવા વિનંતી, જેથી વ્યવસ્થા સુગમતાપૂર્વક કરી શકાય.

**સ્થળ** : **''ધમ્મ અંબિકા'' વિપશ્યના કેન્દ્ર, ૧૦૨-વિતરાગ ચેમ્બર્સ, ૬/૧૪૦૭, થોભાશેરી મહિધરપુરા, સુરત-૩૯૫૦૦૩.**

**ફોન** : **૦૨૬૧-૨૪૨૭૯૭૩, ૯૮૨૫૯૫૫૮૧૨, ૯૪૨૮૧ ૬૦૭૧૪**

**ઈ-મેઈલ** : dhammaambikasurat@gmail.com

**વેબસાઈટ** : www.ambika.dhamma.org

## જામનગરમાં સમૂહ સાધના દર રવિવારે

**સમય** : સવારે ૮ થી ૯

**સ્થળ** : ભગવાનદાસભાઈ મોતીચાણી ''દીપવાસ'' ૬૫-૬૬ દિગ્વિજય પ્લોટ, જામનગર.

**સંપર્ક** : ભગવાનદાસભાઈ મો. ૯૮૯૮૬ ૭૧૨૫૧
રમેશ દવે મો. ૯૪૦૮૯ ૬૩૯૩૫

## જામનગર જીલ્લાના ધર્મપ્રેમી ભાઈ-બહેનો માટે ધમ્મકોટ કેન્દ્ર ખાતે વિપશ્યના પરિચય તથા વિપશ્યનાનું પ્રથમ ચરણ ''આનાપાન'' નું પ્રશિક્ષણ આપવાના કાર્યક્રમનું આયોજન

**તા. ૨૨-૩-૧૫**
**જામનગર પ્રસ્થાન**
**બપોરે ૧૨:૩૦**
**પરત સાંજના ૭ વાગે**

**સંપર્ક** : ભગવાનદાસભાઈ
મો. ૯૮૯૮૬ ૭૧૨૫૧
રમેશ દવે
મો. ૯૪૦૮૯ ૬૩૯૩૫

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર–**ધમ્મકોટ** રાજકોટ. | કચ્છ વિપશ્યના કેન્દ્ર–**ધમ્મસિંધુ** બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર–**ધમ્મપીઠ** અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–**ધમ્મ દિવાકર** મીઠા, મહેસાણા. | દક્ષિણગુજરાત વિપશ્યના કેન્દ્ર–**ધમ્મ અંબિકા** નવસારી | ધર્મજ વિપશ્યના કેન્દ્ર–**ધર્મજ** |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.<br>0281-2233666<br>M : 78 78 72 72 23<br>0281-2924942<br>M : 93279 23540<br>રજિસ્ટ્રેશન – સમય ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૩૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫<br>02834-273303<br>M : 78746 23305<br>M : 99256 74104 | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ– ૩૮૦ ૮૧૦<br>02714-294690<br>M : 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.<br>02762-272800, 254634, 252345<br>M : 94292 33000 | નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–8 બોરિયાચ ટોલનાકાથી 2km, વગલવાડ, તા.:ગણદેવી<br>02634-291100<br>292521<br>94281 60714<br>98250 44536<br>રજિસ્ટ્રેશન ૧૧થી ૫ દરમિયાન<br>0261-3260961 | હેમંતભાઈ પટેલ<br>02697- 245460, 245302<br>M : 94265 00765 |

## ૧૦ દિવસીય શિબિરની માહિતી

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર | ધમ્મ અંબિકા | ધર્મજ |
|---|---|---|---|---|---|
| 11-02 to 22-02-15<br>25-02 to 08-03-15<br>11-03 to 22-03-15<br>25-03 to 05-04-15<br>08-04 to 19-04-15<br>22-04 to 03-05-15<br>06-05 to 17-05-15<br>20-05 to 31-05-15 | 22-02 to 05-03-15<br>08-03 to 19-03-15<br>22-03 to 02-04-15<br>10-05 to 21-05-15<br>24-05 to 04-06-15<br>07-06 to 18-06-15<br>21-06 to 02-07-15 | 28-01 to 08-02-15<br>11-02 to 22-02-15<br>25-02 to 08-03-15<br>11-03 to 22-03-15<br>08-04 to 19-04-15<br>21-04 to 02-05-15<br>06-05 to 17-05-15 | 28-01 to 08-02-15<br>11-02 to 22-02-15<br>25-03 to 05-04-15<br>08-04 to 19-04-15<br>22-04 to 03-05-15<br>06-05 to 17-05-15<br>20-05 to 31-05-15 | 04-02 to 15-02-15<br>17-02 to 28-02-15<br>વિશેષ ગંભીર શિબિર<br>08-03 to 19-03-15<br>21-03 to 01-04-15<br>06-05 to 17-05-15<br>27-05 to 07-06-15 | 01-02-15 to 12-2-15<br>01-03-15 to 12-3-15<br>09-05-15 to 12-3-15<br>04-07-15 to 15-7-15<br>01-08-15 to 12-8-15<br>**મોગર કેન્દ્ર–ધમ્મ ભવન વડોદરા.**<br>**દર મહિનાના પહેલા રવિવારે સામૂહિક સાધના**<br>૫–કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા–૩૯૦૦૨૦.<br>0265-2341181<br>M : 94263 32180<br>vvs04@ hotmail.com |
| **સતિપટ્ઠાન**<br>**22-05 to 30-05-15** | **સતિપટ્ઠાન**<br>**24-03 to 01-04-15**<br>**૨૦ દિવસીય શિબિર**<br>**05-04 to 26-04-15**<br>**05-04 to 06-05-15** | **સતિપટ્ઠાન**<br>**25-03 to 02-04-15**<br>**૨૦ દિવસીય શિબિર**<br>**29-08 to 20-09-15** | **સતિપટ્ઠાન**<br>**04-07 to 12-07-15**<br>**૨૦ દિવસીય શિબિર**<br>**01-03 to 22-03-15** | **સતિપટ્ઠાન**<br>**08-04 to 16-04-15**<br>**યુવા શિબિર ૧૫થી૧૯ વર્ષ**<br>**25-04 to 03-05-15** યુવકો<br>**18-05 to 26-05-15** યુવતીઓ | |

**ઉના** **સામૂહિક સાધના :** સવારે ૬:૩૦ થી ૭:૩૦, **હરેશભાઈ જે. ટીલવાણી** ૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, મો.: 94277 38070

**ધોરાજી** **સામૂહિક સાધના :** સાંજે ૬:૧૫ થી ૭:૧૫, **ખીમજીભાઈ કોયાણી** કે.ઓ. શાહ કોલેજ, મો.: 98244 91245, એક દિવસીય શિબીર છેલ્લા રવિવારે, સમય : સવારે 8 થી 1

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯–૩૦ થી ૧૧–૦૦ કલાકે બાળકો માટેની ‘‘આનાપાન’’ શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દોહા ધરમના

જહાં જહાં ઈસ સ્કંધ મેં, સમ્યક્ સ્મૃતિ જગ જાય ।
વહીં દિખે ઉત્પાદ-વ્યય, તો અમૃત મિલ જાય ॥

ક્ષણ ક્ષણ પ્રજ્ઞા જાગતી, રહે જાગતા હોશ ।
તો કૈસે સર પર ચઢે, કામ રાગ આક્રોશ ॥

સૌ વર્ષોં કી જીદંગી, બિન સમાધિ દી ખોય ।
સમાધાન કા એક દિન, અધિક લાભપ્રદ હોય ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

ઋતુ તો આતી હી રહે, સાનુકૂલ પ્રતિકૂલ ।
હો વિરોધ અનુરોધ ના, તો ઉખડે, ભવશૂલ ॥

ભોગ સકે તો ભોગ લે, જગત કે સબ ભોગ ।
સચ્ચે સુખ કા ભોગ તો, અનાસકિત કે યોગ ॥

ના મરને કા ભય હમેં, ના જીને કા લોભ ।
સમય પકે તો ચલ પડેં, હોય ન મન મેં ક્ષોભ ॥

**સોલંકી મિકેનિક વર્ક્સ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ‘‘મુક્તિરામ કોમ્પ્લેક્ષ’’, રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 5 જાન્યુઆરી 2015** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

‘વિપશ્યના’ Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org